શ્રી જિનકીર્તિસૂરિવિરચિત

# શ્રી પાલગોપાલ ચરિત્ર

## ભાષાંતર

શ્રાવક ધર્મના–ખાસ કરીને પૌષધ વ્રતના આરાધન
ઉપર તેમજ બીજા અનેક વિષય ઉપર
અસરકારક ઉપદેશક.

ભાષાંતર કરનાર:
શા. કુંવરજી આણંદજી

પ્રથમ વ્રતના આરાધક–વિરાધકપણા ઉપર
શ્રી સૂરચંદ્રકુમાર ચરિત્ર.

પ્રકાશક:
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

વિક્રમ સં૦ ૧૯૯૩ ] : : [ વીર સં૦ ૨૪૬૩

આવૃત્તિ પહેલી : નકલ ૩૦૦૦

મુદ્રકઃ–શા. ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ,
દાણાપીઠ–ભાવનગર.

# નિવેદન

આ લઘુ કથાનક પાલ ગોપાલ નામના બે બંધુઓના–રાજપુત્રોના ચરિત્રનું છે. તે માત્ર અઢીસો શ્લોકપ્રમાણ છતાં અનેક બાબતમ અસરકારક ઉપદેશદાતા જણાવાથી તેનું ભાષાંતર કરીને પ્રસિદ્ધ કરવાનો આ અલ્પ પ્રયાસ કર્યો છે. આ કથાનકમાં જે રહસ્ય સમાયેલું છે તે સદરહુ કથાના પ્રાંત ભાગે કથારહસ્યના મથાળા નીચે આપેલ છે. તે અહીં સ્થળસંકોચના તેમજ પુનરાવૃત્તિ થવાના કારણથી આપેલ નથી. તે ત્યાંથી જ ( પૃષ્ઠ ૨૬–૨૭ ) વાંચવા તસ્દી લેવી.

આ કથાનકની પાછળ એક નાનું સરખું સૂર ને ચંદ્રકુમારનું ચરિત્ર પણ પંડિત હીરાલાલ હંસરાજના પ્રથમ વ્રત ઉપરની કથાના ભાષાંતર ઉપરથી લઇને સહજ સુધારાવધારા સાથે દાખલ કર્યું છે. તે કથાનક પણ નાનું માત્ર ૬૮ શ્લોકનું છતાં પ્રથમ વ્રતના આરાધક–વિરાધકપણા માટે ઘણું અસરકારક છે.

આ બે કથાનકનું નાનું સરખું પુસ્તક પણ જો લક્ષપૂર્વક વાંચવામાં આવશે તો વાંચનારના મન ઉપર અવશ્ય શુભ અસર કરશે. આટલું જણાવી આ લઘુ નિવેદન સમાપ્ત કરવામાં આવે છે.

પોષ શુદિ ૧૧ }
સં. ૧૯૯૩ }

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.**
**ભાવનગર.**

શ્રી જિનકીર્ત્તિસૂરિવિરચિત

# શ્રી પાલ ગોપાલ ચરિત્ર

## ભાષાંતર

જે ભવ્ય જીવો સુખ કરવાના સ્વભાવવાળું શિયળ ઇંદ્રિયોને જીતીને પાળે છે તેમને સુરેંદ્રાદિકની પદવી પ્રાપ્ત થવી તે કાંઇ દૂર નથી–સહેજે પ્રાપ્ત થાય છે જે ગૃહસ્થો શિયળધર્મના પાલનમાં અત્યંત પરાયણ હોય છે તેને **પાલ ને ગોપાલ** નામના બે બંધુની જેમ અનેક પ્રકારની સંપદા પ્રાપ્ત થાય છે. અથવા દેવોએ ક્ષોભ પમાડ્યા સતા પણ પૌષધના પાલનમાં જે દૃઢચિત્તવાળા હોય છે તેને પાલ ને ગોપાલની જેમ મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ પણ દૂર નથી. વળી સારી રીતે વ્રતને ધારણ કરનારા મુનિરાજને જે કિંચિત્ પણ ઉદ્વેગ પમાડે છે તે પાલકુમારની જેમ અન્ય જન્મમાં આપત્તિને પામે છે. વળી પ્રસ્તુત ભવમાં બંધુભાવ–કુટુંબીપણું અને માતાપિતાપણું પામ્યા છતાં પૂર્વભવના દ્વેષથી તેમજ વૈરથી પાલ ને ગોપાલની જેમ તે દુઃખને આપનારા થાય છે; તેમજ દેવભક્તિ વિગેરે ધર્મ સ્વરૂપ પણ પાળ્યા છતાં–આરાધ્યા છતાં પ્રાણી પાલ ને ગોપાલની જેમ રાજ્યાદિ સંપદાને પામે છે. ( ઉપર જણાવેલા બધા પ્રકારને સૂચવનારું આ ચરિત્ર છે. )

## હવે તે પાલ ને ગોપાલનું ચરિત્ર કહે છે

આ ભરતક્ષેત્રમાં સ્વર્ગને જીતે એવી અને સમસ્ત નગરોના સૌંદર્યના સારથી બનાવી હોય તેવી **ઉજ્જયિની** નામે નગરી છે. તે નગરીમાં વિશ્વક્સેન જેવો પરાક્રમી અને વિશ્વવ્યાપી મહાસેનવાળો જાણે બીજો મહાસેન જ હોય તેવો **મહાસેન** નામે રાજા છે. તેને અત્યંત વિસ્તૃત ગુણવાળી **સુરસુંદરી** નામે પ્રથમ રાણી તે પટ્ટરાણી છે અને બીજી **મહાલક્ષ્મી** નામે રાણી છે. સુરસુંદરીને પાલ ને ગોપાલ નામના બે પુત્રો થયા છે. તે રૂપવંત, ચતુર, ધીર અને સદા ન્યાયપરાયણ છે.

અન્યદા અસ્વપ્નેશ–ઇંદ્ર જેવા પરાક્રમવાળા રાજાએ સ્વપ્નમાં નૃત્ય કરવામાં તત્પર એવા કબંધને[1] પોતાના આવાસમાં પ્રવેશ કરતું જોયું. તે જોઇને 'આ શું ?' એમ પોતાના હૃદયમાં વિચારતો રાજા જાગૃત થયો અને મંત્રીને બોલાવીને પ્રારંભથી સ્વપ્નનું સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળીને મંત્રીએ 'આનું ભાવી શું અશુભ થશે ?' એવી સેંકડો આશંકાથી વ્યાકુળ થઇને વિચક્ષણ એવા સ્વપ્નપાઠકોને બોલાવી તે સ્વપ્નનું ફળ પૂછયું. સ્વપ્નશાસ્ત્રના વિશારદોએ પોતાના મનની અંદર વિચાર કરીને તેમજ પરસ્પર પૂછી, નિરધાર કરીને રાજા પ્રત્યે આ પ્રમાણે કહ્યું કે– 'હે રાજન્ ! આ દુઃસ્વપ્ન હોવાથી તેના પ્રભાવવડે તમને વિઘ્ન ઉપસ્થિત થવાનો સંભવ છે, તેથી તમારે એક માસ પર્યંત તમારા બે પુત્રો સહિત રાજ્ય તજી દઇને તેમજ બીજા પરિવારને પણ છોડી દઇને વનમાં શુભ ધ્યાનપરાયણ થઇને રહેવું. એ એના નિવારણનો તેમજ તમારી ને તમારા પુત્રોની રક્ષાનો

૧ મસ્તક વિનાનું ધડ.

ઉપાય છે. આ તમારા બંને પુત્રોએ ધર્મકર્મમાં સ્થિત થઈને હાથમાં ખડ્ગ રાખી નિરંતર તમારી પાસે જ રહેવું અને સાવધાન થઈને ભૂતપ્રેતાદિના ઉપદ્રવથી તમારી રક્ષા કરવી. તેમજ તમારે ઊંચા કરેલા આયુધોવાળા અનેક યોદ્ધાઓથી પરવરેલા રહેવું. આ પ્રમાણે રહેતાં ૧૯ દિવસ વ્યતીત થાય ત્યારે તમારે શું કરવું ? તે સાંભળો. ગ્રહણ કરેલો છે ભિલ્લનો વેશ જેણે એવા તમારા બન્ને પુત્રોએ રાત્રિના પ્રારંભમાં અદ્દભુત નાચ કરતાં કરતાં તમારા આવાસ પાસે આવવું. પછી પાછા તે જ રીતે વનમાં જવું અને એક માસ પૂર્ણ થયે તમારે પાછા નગરમાં આવી રાજ્ય સંભાળવું. આ પ્રમાણે કરવાથી તમારું ને તમારા પુત્રનું ક્ષેમ થશે—અકલ્યાણ નાશ પામશે. ”

આ પ્રમાણેની હકીકત સાંભળીને રાજાએ સ્વપ્નપાઠકોને વિસર્જન કર્યા પછી તેઓના કહ્યા પ્રમાણે અમલ કરવા માટે મંત્રીને રાજ્ય સોંપીને રાજા પુત્ર સહિત વનમાં જઇને રહ્યો. ત્યાં બ્રહ્મચારી, ફળાહારી અને મૌનધારી થઈને બે પુત્રો તેમજ સન્નદ્ધબદ્ધ થયેલા સુભટો સાથે રહેવા લાગ્યા. ઓગણીશમે દિવસે બન્ને પુત્રો સાયંકાળે ભિલ્લનો વેશ ધારણ કરીને નાચતા નાચતા રાજમહેલ સુધી આવ્યા. તે વખતે તે બન્નેનું અદ્દભુત રૂપ જોઇને મહાલક્ષ્મી રાણી કામવશ થઇ. મોહની વિડંબનાને ધિક્કાર છે!

પછી અકાર્ય કરવામાં તત્પર અને નિર્લજ્જ એવી તેણીએ પાલકુમારની પાસે એક માયાની પેટી જેવી ચેટીને—દાસીને કેટલીક હકીકત શીખવીને મોકલી. તે દાસી સાંજને વખતે પાલકુંવર પાસે આવી અને તેને એકાંતે બોલાવીને કહ્યું કે—‘ હે દેવ ! તમારી અપરમાતા મહાલક્ષ્મીને સર્પ ડશ્યો છે તેથી તમે ત્યાં આવીને તેની પ્રતિક્રિયા ( ઉપચાર ) કરો. ’

આ પ્રમાણે સાંભળીને આળસ વિનાનો પાલકુંવર તરત જ મહાલક્ષ્મી પાસે આવ્યો અને માતાને પ્રણામ કરીને સરલ એવો તે બોલ્યો કે-'હે માતા! આ ઔષધ હું લાવ્યો છું તે પી જાઓ કે જેથી તમારો વ્યાધિ નાશ પામે.' એટલે તે મહાલક્ષ્મી બોલી કે-'હે જીવિતેશ્વર! તું તારા અંગના આલિંગનરૂપ અમૃતવડે મને સિંચન કર કે જેથી હું શીઘ્ર જીવિતને મેળવું.' આ પ્રમાણે તેના કર્ણને વજ્ર સમાન વચનો સાંભળીને પાલકુમાર ગોખેથી ઝંપાપાત ખાઇને (પડીને) પોતાના આવાસે આવ્યો અને તે વૃત્તાંત પોતાના બંધવ ગોપાલકુમારને કહ્યો.

પછી તે બંને તથાપ્રકારના સ્ત્રીચરિત્રને પોતાના ચિત્તમાં ચિંતવવા લાગ્યા. કામાંધ થયેલી સ્ત્રી પ્રતિષ્ઠા, સૌજન્ય, દાન, ગૌરવ તેમજ આત્મહિતને જોઇ શકતી નથી. નિરંકુશ એવી સ્ત્રી પુરુષનું એટલું અહિત કરે છે કે જેટલું અહિત ક્રોધાયમાન થયેલા સિંહ, વ્યાઘ્ર અને સર્પ પણ કરી શકતા નથી. શાસ્ત્રમાં જે જે દુરાચાર કહ્યા છે અને લોકોમાં જે જે દુરાચારો કહેવાય છે તે બધા કામવિહ્વળ સ્ત્રી સાચા કરી બતાવે છે. ક્રૂર એવા વિધાતાએ સર્પની વિષમય દાઢો, યમરાજાની જીહ્વા અને વિષના અંકુરા એકત્ર કરીને જગતનો નાશ કરવા માટે સ્ત્રીને નિર્માણ કરી હોય એમ જણાય છે.

દુરાચારિણી સ્ત્રી પતિને, પુત્રને, પિતાને, માતાને અને ભાઇને અકાર્યમાં આરોપણ કરે છે ( જોડે છે ) અને પ્રાણસંશય પણ પમાડે છે. જુઓ ! વૈરાગ્યથી દીક્ષા લેવાની ઇચ્છાવાળા યશોધર રાજાને 'હું પણ તમારી સાથે જ દીક્ષા લઇશ' એમ કહીને કુબ્જમાં આસક્ત એવી નયનાવળી રાણીએ વિષ આપ્યું અને છેવટ

ગળે અંગુઠો દબાવીને પ્રાણનાશ કર્યો. એવી દુર્ગતિમાં જવાની સાક્ષીભૂત સ્ત્રીને હા ઇતિ ખેદે! ધિક્કાર હો!

અહીં પેલી મહાલક્ષ્મીએ મનવડે વિલખી થઇને પછી માયા-કપટથી નખવડે શરીર વિલૂરી બહુ વખત સુધી વિલાપ કર્યો. એક મહિનો પૂર્ણ થયો એટલે ઉત્તમ પુરુષમાં મંડનભૂત રાજાએ મોટા મહોત્સવવડે નગરમાં પ્રવેશ કર્યો. પછી અંતઃપુરમાં જતાં મહાલક્ષ્મી રાણીને અત્યંત રોતી ને શોક કરતી જોઇને રાજાએ પૂછ્યું કે—' તારી કોણે આવો વિડંબના કરી છે કે જેથી તું આમ દુઃખી થાય છે ? ' એટલે તે કપટવડે કહેવા લાગી કે—' હે પ્રાણેશ ! રાગાન્ધ એવા તમારા પુત્ર પાલે ઉચ્છૃંખલ ને મદોન્મત્ત હાથી જેમ કમલિનીની વિડંબના કરે એમ મારી વિડંબના કરી છે. ' તે સાંભળીને રાજાએ કહ્યું કે—' મારો પુત્ર પ્રાણાંતે પણ પાપ કે અકૃત્ય કદાપિ કરે તેવો નથી. જો ચંદ્રમાંથી અંગારાની વૃષ્ટિ થાય, સૂર્યમાંથી અંધકાર પસરે, સમુદ્ર જો મર્યાદા મૂકે અને અમૃતથી જો મરણ થાય તો પણ મારો પુત્ર પાલ આવું અકૃત્ય કરે તેવું હું માની શકું નહીં; માટે તારા અસત્ય બોલવાથી સર્યું ! તું ખોટો વિષાદ કરવો તજી દે. ' એમ કહીને નિર્વિકલ્પ બુદ્ધિવાળો રાજા રાજસભામાં ગયો. અહીં રોષથી અંધ થયેલી મહાલક્ષ્મી પોતાના મનમાં વિચારવા લાગી કે–' હા ઇતિ ખેદે ! મને ધિક્કાર થાઓ ! પૂર્વકર્મના દોષથી મારી કામેચ્છા પૂરી થઈ નહી અને સ્વામીએ પણ મને અસત્યવાદી કહીને અપમાનિત કરી, માટે હવે તો અગ્નિમાં પ્રવેશ કરીને મારા દુઃખનો અંત લાવું; કારણ કે માનભ્રષ્ટ થયેલાને જીવિત કરતાં મરણ જ વધારે શ્રેષ્ઠ છે. '

આ પ્રમાણે વિચારીને કોપના આવેશથી ખોટા અભિનિવેશવડે તે રાણી અગ્નિમાં પ્રવેશ કરવા માટે વન તરફ ચાલી.

રાજાએ ત્યાં આવીને તેનું ઘણી રીતે સમજાવીને નિવારણ કર્યું પણ તે કોઇ રીતે પાછી વળી નહીં ત્યારે રાજાએ પૂછ્યું કે—'શું કરવાથી તું પાછી વળે તે કહે.' એટલે તે દુષ્ટ રાણીએ અતિ કર્કશ વાણીવડે રાજાને કહ્યું કે—'તમે જો તમારા બંને પુત્રોના મસ્તક છેદીને મને આપવાનું કબૂલ કરો તો હું પાછી વળું.' કામરાગથી અંધ બનેલા રાજાએ તે વાત કબૂલ કરી. કર્ત્તા કહે છે કે—'જગતમાં એવું કોઇ અકૃત્ય નથી કે જે રાગાંધ મનુષ્ય ન કરે. સારા વંશમાં ઉત્પન્ન થયેલ મનુષ્ય પણ સ્ત્રીથી પ્રેરિત થયો છતો અનેક અકૃત્યો કરે છે. જુઓ! સારા વંશ (વાંસ) થી ઉત્પન્ન થયેલ મંથાનક શું સ્નેહ (ઘૃત) વાળા દધિનું મંથન કરતો નથી? કરે જ છે.'

રાજાનું વચન મળવાથી પૂર્ણ મનોરથવાળી થયેલી રાણી પાછી વળીને અંતેઉરમાં આવી. પછી રાજા પુત્રોને મારવાનો ઉપાય ચિંતવવા લાગ્યો. તેણે તરત જ મંત્રીને બોલાવીને બન્ને પુત્રોને મારવાની આજ્ઞા કરી. મંત્રીએ સેંકડો વચનયુક્તિવડે રાજાને સમજાવવા માંડ્યો. તેણે કહ્યું કે–'હે નાથ! સમુદ્ર જેવા ગંભીર પાલ ગોપાલનો કિંચિત્ પણ અન્યાય આજ સુધી તમે તેમજ મેં દીઠો નથી, માટે જે કાર્ય કરવું તે વિચારીને કરવું. અન્યથા આવું અકાર્ય કરવાથી દુરંત એવો પશ્ચાત્તાપ થશે કે જે યાવજ્જીવ ભૂલાશે નહી.' આ પ્રમાણે અનેક રીતે સમજાવ્યા છતાં જ્યારે રાજાએ પોતાનો આગ્રહ છોડ્યો નહીં ત્યારે મંત્રી તેમનો આદેશ સ્વીકારીને પાલ ગોપાલ પાસે આવ્યો. તેમને રાજાનો આદેશ સંભળાવ્યો એટલે તે બોલ્યા કે–'અમે પિતાના કિંકર છીએ તેથી અમારા મસ્તક કાપી આપવા તૈયાર છીએ.' આમ કહીને તેઓ પોતાનો શિરચ્છેદ કરવા તત્પર થયા એટલે

મંત્રીએ તેમને તેમ કરતાં નિવારીને કહ્યું કે–' હે વત્સ ! તમે અહીંથી દેશાંતરમાં ચાલ્યા જાઓ. જીવતો નર અનેક પ્રકારના ભદ્રને (કલ્યાણને) મેળવી શકે છે.' મંત્રીના આ પ્રમાણેના કથનથી તેઓએ શિરચ્છેદ કરવાથી નિવૃત્ત થઇને ધીરતા ધારણ કરી, ખડ્ગ સહિત પરદેશ તરફ પ્રયાણ કર્યું.

પછી મંત્રીએ કુંવરના મસ્તક જેવા જ માટીના બે મસ્તક બનાવી, તેના પર તેના વર્ણ જેવો રંગ લગાડી, રુધિરવડે વ્યાપ્ત કરીને રાજા પાસે સાંજે રાજસભામાં રજૂ કર્યા. તે જોઇને પુત્રમરણના શોકથી પીડિત થયેલો રાજા પશ્ચાત્તાપ કરવા લાગ્યો, એટલે મંત્રીએ પોતાની કૃતિ પ્રગટ ન થાય તેટલા માટે તે બંને મસ્તક દૂર ફેંકાવી દીધા. આ હકીકત સાંભળીને લક્ષ્મી રાણી હર્ષિત થઈ અને સુરસુંદરી રુદન કરવા લાગી. મંત્રીએ ગુપ્ત રીતે સુરસુંદરીને ખરી હકીકત જણાવી એટલે તે નિશ્ચિંત થઈ.

અહીં પાલ ગોપાળે પૃથ્વી પર પર્યટન કરતાં અન્યદા કોઇ મનુષ્ય રહિત વનમાં નિર્ભયપણે પ્રવેશ કર્યો. રાત્રે એક વડના વૃક્ષ નીચે સુખનિદ્રાએ સૂતા તેવામાં વૃક્ષ પર એક શુકશુકીનો પરસ્પર મનુષ્ય ભાષામાં થતો આલાપ ( વાતચીત ) સાંભળીને પાલ કુમાર જાગી ગયો. વૃક્ષ ઉપર નજીકમાં પડેલા બે આમ્રવૃક્ષના ફળને જોઇને શુકી બોલી કે–' હે પ્રિય ! કહો, આ આમ્રફળ ખાવાથી મનુષ્ય શું લાભ મેળવે ?' શુક બોલ્યો કે–' હે પ્રિયા ! આ બે ફળમાંથી પાકું ફળ ખાનારને પાંચ દિવસમાં પ્રાજ્ય એવું રાજ્ય મળે કે જે રાજ્ય ઈંદ્રના સ્વર્ગના રાજ્ય જેવું સુંદર હોય અને આમાંથી કાચા ફળના ખાનારને પાંચ મોટી આપત્તિ ભોગવ્યા પછી રાજ્યની પ્રાપ્તિ થાય. આ પ્રમાણે એ બંને ફળના આસ્વાદનું ફળ જાણ.' તે સાંભળીને શુકી બોલી કે–' જો

એમ છે તો આ રાજ્યને યોગ્ય મનુષ્યને તે ફળ આપો અને એ રીતે પરોપકારથી પ્રાપ્ત થતું ફળ મેળવો. કહ્યું છે કે પરોપકાર સુકૃતરૂપ વૃક્ષનું અદ્વિતીય એવું મૂળ છે, પરોપકાર કમળા (લક્ષ્મી) નું વસ્ત્ર છે, પરોપકાર પ્રભુતાને આપનાર છે અને પ્રાંતે પરોપકાર શિવસુખનો પણ દાતા છે. વળી મારવાડમાં રહેલો કેરડો પણ સારો કે જે પંથી-જનને કાંઇક પણ છાયા આપે છે, પણ કનકાચળ-ઉપર રહેલ કલ્પવૃક્ષ શા કામનો કે જે દુઃખીજનો પર ઉપકાર કરવાથી રહિત છે. પડતાને જે આલંબન આપે, આપત્તિમાં પડેલાનો જે ઉદ્ધાર કરે અને શરણાગતનું જે રક્ષણ કરે એ ત્રણ પ્રકારના મનુષ્યોથી અલંકૃત આ પૃથ્વી શોભે છે.' આ પ્રમાણેનાં શુકીના વચનો સાંભળીને શુકે તે બંને ફળ પાલકુમારને આપ્યા અને તેનું મહાત્મ્ય અને ઉત્પત્તિ આ પ્રમાણે તેને જણાવી.

'આ લવણસમુદ્રમાં સર્વર્તુક નામના દ્વીપમાં અખંડ એવા ઊંચા શિખરોથી શોભતો શ્રીરંગ નામનો પર્વત છે. તે પર્વત ઉપર એક સહકાર ( આંબા ) નું વૃક્ષ છે, તે પ્રભાવવાળું અને સદા ફળ આપનારું છે. તેમજ યક્ષ, રાક્ષસ, ગંધર્વ વિગેરે મુખ્ય મુખ્ય દેવતાઓથી સેવિત છે. તે સ્થાન મંત્રાદિકની સહાય વિના ભૂચર મનુષ્યોને અગમ્ય છે. આજે હું મારી સ્ત્રી શુકી સાથે ત્યાં ક્રીડા કરવા ગયો હતો. તે વખતે સહકાર વૃક્ષની નીચે કોઇ બે વિદ્યાચારણ મુનિ તીવ્ર તપને તપનારા અને જ્ઞાનના નિધાન એવા બેઠા હતા. ત્યાં કોઇ મનુષ્ય નથી એમ જોઇને નાના મુનિએ મોટા મુનિને પૂછ્યું કે—'હે વડીલ બંધુ! આ આશ્ચર્યકારક સહકાર કેવા પ્રભાવવાળો છે ?' એટલે વડીલ મુનિએ કહ્યું કે–'આ વૃક્ષનું પાકું ફળ જે ખાય તે પાંચ દિવસમાં રાજ્ય મેળવે અને જે કાચું ફળ ખાય તે પાંચ આપત્તિઓ પ્રાપ્ત થયા

પછી રાજ્ય મેળવે. વળી જે સત્ત્વવાન્ મનુષ્ય સાહસ કરીને પોતાનું મસ્તક છેદી એને અર્પણ કરે તેને આ આમ્ર તુષ્ટમાન થઇને એક પાકું ને એક કાચું ફળ આપે. અને પછી દેવપ્રભાવથી તે મનુષ્ય સજ્જ મસ્તકવાળો થઇ જાય.' આ પ્રમાણે તે વૃક્ષનો પ્રભાવ કહીને તે બે મુનિ તો ત્યાંથી આકાશમાર્ગે ચાલ્યા ગયા.

ઉપરની હકીકત તે વૃક્ષની નજીક નિકુંજમાં રહેલા કોઈ વિદ્યાધરે સાંભળી એટલે તેણે સાહસ કરીને પેલા વૃક્ષને પોતાનું મસ્તક છેદીને અર્પણ કર્યું. આમ્રના અધિષ્ઠાયક દેવે તરત જ પ્રસન્ન થઇને તેને બે ફળ આપ્યા અને મસ્તક પાછું હતું તેમ સજ્જ કર્યું. પછી દેવ અદૃશ્ય થયો.

એવામાં ત્યાં પેલા વિદ્યાધરનો શત્રુ કોઈ બીજો વિદ્યાધર આવ્યો. તે બન્નેનું યુદ્ધ થયું તેમાં પેલો ફળગ્રાહી વિદ્યાધર મરણ પામ્યો. એટલે વૈરી વિદ્યાધરે અભિમાનવડે તેના ખડ્ગ મુદ્રાદિ ગ્રહણ કર્યાં અને પેલા બે ફળ સમુદ્રમાં ફેંકી દીધા. તે બન્ને ફળ સમુદ્રમાંથી ઉપાડી લાવી, ત્યાંથી ઊડી અહીં આવીને પરોપકાર બુદ્ધિથી તમને અર્પણ કર્યાં છે.' આ પ્રમાણે તે ફળનું મહાત્મ્ય કહીને તે શુક-શુકી ત્યાંથી ઊડી ગયા.

શુકશુકીના ગયા પછી તે બન્ને ફળ ગ્રહણ કરીને પાલ વિચારવા લાગ્યો કે:–' એક તરફ અમારી આવી દુર્દશા છે અને બીજી તરફ આવા અપૂર્વ ઐશ્વર્યને આપનારા ફળની પ્રાપ્તિ થાય છે, તેથી મને લાગે છે કે અમારા ભાગ્ય હજુ જાગૃત છે; નહીં તો ભાગ્યહીનને પ્રાપ્ત ન થાય એવા આ ફળની પ્રાપ્તિ ક્યાંથી સંભવે ?' પછી પ્રભાત થયું એટલે બન્ને ત્યાંથી આગળ ચાલ્યા. ત્યાં નજીકમાં જ એક સરોવર દેખીને, તેમાં સ્નાનવડે શરીર

પવિત્ર કરીને તેના કાંઠા ઉપર આવીને બેઠા એટલે પાલકુમારે નાનો ભાઈ ગોપાળ બહુ વલ્લભ હોવાથી પેલું પાકું ફળ તેને ખાવા આપ્યું અને કાચું ફળ પાલકુમારે પોતે ખાધું. આગળ જતાં રાત્રિ પડી ત્યારે એક વૃક્ષની નીચે સૂતા.

મધ્યરાતે પાલકુમાર જાગ્યો ત્યાં કોઈ અન્ય જનથી મરાતા દીન પુરુષનો અતિ દુઃશ્રવ–ન સાંભળી શકાય તેવો સ્વર તેણે સાંભળ્યો. તે કહે છે કે–'આર્ત્તજનની રક્ષા કરે એવો કોઇ વીરશીરોમણિ અહીં છે? હે પૃથ્વીમાતા! તું વીરપ્રસૂતા કહેવાય છે પણ મને તો તું વીરપુત્ર વિનાની લાગે છે, નહીં તો કોઈ વીર અહીં આવીને મારું રક્ષણ કેમ ન કરે?' આવા શબ્દો સાંભળીને શૂરવીર ને સાહસિક પાલકુમાર તરત જ તે શબ્દને અનુસારે ચાલ્યો અને ત્યાં પહોંચતાં એક સાપે પકડેલા દેડકાને ઉપર પ્રમાણેના શબ્દ કરતો તેણે દીઠો. એટલે તેણે પેલા સર્પને કહ્યું કેઃ–'હે નાગેંદ્ર! આ રાંકને–વિલાપ કરતા દેડકાને તું મૂકી દે. તને તેમ કરવાથી જીવરક્ષાથી થતું અગણ્ય પુણ્ય પ્રાપ્ત થશે.' સર્પ બોલ્યો કે–'હે પાલ! ક્ષુધાથી પીડિત થયેલો પ્રાણી શું શું પાપ ન કરે? ધરાયેલો માણસ જ ધર્મકર્મને આચરી શકે છે. વળી જો તું દયાવાળો થઇને બળાત્કારે મારી પાસેથી આ દેડકાને છોડાવીશ તો ક્ષુધાથી પીડિત થયેલો હું મરણ પામીશ એટલે તને શું પુણ્ય થશે? એમ કરવાથી તો દેવાલય તોડી પાડીને વાપિકા કરનાર મનુષ્યની જેવું તને પુણ્ય થશે, માટે તું વિચાર કર.' સર્પના આ પ્રમાણેના શબ્દો સાંભળીને કૃપાળુ એવો પાલકુમાર બોલ્યો કેઃ–'કાળભુજંગમથી ભય પામતા આ દીનને તું છોડી દે અને તેના બદલામાં મારું માંસ લઇને સ્વસ્થ થા.' એટલે સર્પે દેડકાને તજી દઇને પાલ પાસે તેના માંસની યાચના કરી. પાલ-

કુમારે પોતાની જંઘામાંથી કાપી કાપીને માંસ આપવા માંડ્યું. એ પ્રમાણે ઘણું માંસ આપ્યા છતાં પણ તે સર્પ જ્યારે તૃપ્ત ન થયો ત્યારે આખું શરીર તેને માટે કલ્પીને—અર્પણ કરીને પાલકુમાર સ્થિત થઇ ગયો. એટલે તરત જ એક દેવ સર્પનું રૂપ તજી દઇને પોતાના દેવરૂપે પ્રગટ થયો અને તેના સત્ત્વથી સંતુષ્ટ થઈને આ પ્રમાણે કહેવા લાગ્યો કે:—' આ જગતમાં સર્વ પ્રાણીઓ પોતાના પ્રાણનું અન્ય જીવોના પ્રાણથી રક્ષણ કરે છે, પરંતુ પોતાના પ્રાણથી અન્ય જીવના પ્રાણનું રક્ષણ કરનાર તો તું એક જ છે. તારા જેવો પરોપકારીમાં ધુર ગણાય તેવો પુરુષ આ ત્રણ જગતમાં જણાતો નથી. હે ભાગ્યવાન્! હે સત્ત્વવાન્! મેં તારા સત્ત્વની પરીક્ષા કરી છે અને મારું મન પ્રસન્ન થયું છે તેથી તું કોઈ પણ પ્રકારના સંકટમાં આવી પડે તો તે વખતે મારું સ્મરણ કરજે.' આ પ્રમાણે કહીને તે દેવ પોતાને સ્થાને ગયો. તે જ પ્રમાણે મંડુક રૂપ ધારણ કરનાર દેવ પણ પાલકુમારની સ્તુતિ કરીને તેમજ વરદાન આપીને પોતાને સ્થાને ગયો.

પછી પાલકુમાર ગોપાળ પાસે આવ્યો. એટલામાં રાત્રિ પણ વ્યતીત થઈ અને પ્રભાત થયું એટલે તે બન્ને ત્યાંથી આગળ ચાલ્યા અને તામ્રલિપ્તીપુરી પાસે આવ્યા. ત્યાં ગોપાળકુમારને ઉદ્યાનમાં બેસાડીને પાલકુમારે શ્રેષ્ઠ ભોજન લેવા સારુ નગરમાં પ્રવેશ કર્યો.

હવે તે જ વખતે તે નગરીનો રાજા અપુત્રપણે મરણ પામ્યો. એટલે પ્રધાનવર્ગે પંચદિવ્ય કર્યા. તેમાંથી હાથીએ ઉદ્યાનમાં આવી પાલકુમાર ઉપર અભિષેક કર્યો. મંત્રીએ તેમને તેમનું નામ પૂછ્યું, એટલે ' આ રાજ્યને યોગ્ય તો મારો વડીલબંધુ પાલકુમાર જ છે એમ વિચારી તેના નામથી જ આ રાજ્યના રાજાની ખ્યાતિ થાઓ.' એમ ધારીને તેણે પોતાનું નામ પાલકુમાર કહ્યું. પછી

પાલકુમારનાં નામથી પ્રસિદ્ધ થયેલા તે ગોપાળ કુમારે મંત્રી સામંતાદિ સહિત હાથીના સ્કંધ પર આરૂઢ થઈને નગરમાં પ્રવેશ કર્યો અને તામ્રલિપ્તીપુરીને આધીન રહેલા દેશ ઉપર રાજ્ય કરવા લાગ્યો. 'ભાગ્યશાળી મનુષ્ય જ્યાં જાય ત્યાં સુખી જ થાય છે.'

અહીં પાલકુમાર શ્રેષ્ઠ ભોજન લઈને ઉતાવળો ઉદ્યાનમાં આવ્યો અને ચોતરફ જોવા લાગ્યો પણ પોતાના લઘુબંધુને દીઠો નહીં. એટલે તેણે આ આખા બગીચામાં બધે પોતાના ભાઈને શોધ્યો પણ તે ન મળવાથી પાલકુમાર અત્યંત ખેદવડે મૂર્છિત થઈને ભૂમિ પર પડ્યો. એવામાં તે વનનો સ્વામી માળાકાર ( માળી ) ત્યાં આવ્યો. તેણે આ ચોર છે એમ ધારી તેને દૃઢ બંધને બાંધીને મારવા માંડ્યો. પ્રહારની વેદનાથી નાશ પામી છે મૂર્છા જેની એવો પાલકુમાર સાવધ થઈને બોલવા લાગ્યો કેઃ–' હે બંધુ ! તેં આ શું કર્યું ? મને ઘણા પ્રકારનું દુઃખ હતું પરંતુ તારી સૌમ્યતાવાળી સુંદર આકૃતિ જોઈને હું પ્રસન્ન રહેતો હતો.' તેના આવા વચન સાંભળીને માળી ખેદ પામ્યો કેઃ– 'અરે ! મેં આ શું કર્યું ? એક નિરપરાધી મનુષ્યને હેરાન કર્યો. મને ધિક્કાર છે !' પછી માળીએ બંધન છોડી તેને પોતાને ઘરે લઈ જઈને તૈલાદિકના અભ્યંગવડે સજ્જ કર્યો. પાલકુમારને થનારી પાંચ આપત્તિ પૈકી આ પેલી આપત્તિ સમજવી.

## પહેલી આપત્તિ સંપૂર્ણ.

હવે બધા માળીઓ નવા રાજાને વિવિધ પ્રકારની પુષ્પ-માળાઓ બનાવીને ભેટ તરીકે આપવા લાગ્યા. તે માળીઓના મુખેથી નવા રાજાનું નામ પાલ સાંભળીને પાલકુમારે નક્કી કર્યું કે જરૂર આ રાજા મારો નાનો ભાઇ ગોપાળકુમાર જ હોવો જોઇએ. તે મારા પરની ભક્તિથી મારા નામે જ પ્રસિદ્ધ થયો લાગે છે.

અન્યદા પેલો માળી રાજાને ભેટ કરવા માટે અનેક પ્રકારનાં પુષ્પો લાવીને ઘેર મૂકી બહાર ગયો એટલે પાલકુમારે પોતાની ચતુરાઇ બતાવવા માટે તે પુષ્પોમાંથી એવી સુંદર માળા બનાવી કે જેમાં પોતાના પિતા, માતા વિગેરેના નામો પણ વાંચી શકાય. માળી આવી અપૂર્વ માળા જોઇને બહુ રાજી થયો અને તેણે તે માળા લઈ રાજાને અર્પણ કરી. રાજાએ તે માળામાં પોતાના માતા-પિતાના નામો જોઇને વિસ્મય પામી માળીને પૂછયું કે-'હે ભદ્ર ! આ માળા કોણે ગુંથી છે ?' માળી બોલ્યો કે-'મારે ત્યાં એક અતિથિ આવેલ છે તેણે ગુંથી છે.' રાજાએ પ્રસન્ન થઈને તે માળીને ઘણું દ્રવ્ય આપ્યું. માળી ઘરે જઇને વિચારવા લાગ્યો કે—'મેં આપેલી માળા જોઇને ઘણા વખત સુધી વિચાર કરી નિસાસો મૂકીને રાજાએ મને પૂછયું કે—'આ માળા કોણે ગુંથી છે ?' તેથી આ માણસ રાજાનો શત્રુ હોવો જોઇએ માટે એને મારે કાઢી મૂકવો. ઉત્તમ જનો કહે છે કે-જેનો કુળ-વંશાદિ જાણતા ન હોઇએ તેને ઘરમાં સ્થાન આપવું નહીં.' આ પ્રમાણે વિચારીને તેણે પાલકુમારનું અપમાન કર્યું, તેથી તરત જ તે તેના ઘરેથી નીકળી ગયો.

અહીં રાજાએ પોતાની દાસીને માળી પાસે મોકલી. તેણે માળીને પૂછયું કે—'પેલો માળા ગુંથનાર પુરુષ કયાં છે ?' માળી બોલ્યો કે—'તે કયાં ગયો તે હું જાણતો નથી. હે ભદ્રે ! પરદેશી માણસો એક સ્થાને રહેતા નથી.' દાસીએ જઈને રાજાને કહ્યું કે—'તે માણસ તો માળીને ત્યાંથી કાંઈક ગયો છે, કયાં ગયો તે માળીને ખબર નથી.' રાજાએ તેને આખા નગરમાં શોધાવ્યો પણ તેનો પત્તો લાગ્યો નહીં એટલે ભાઇ ઉપરની ભક્તિથી વિયોગાર્ત્ત એવા રાજાએ અભિગ્રહ લીધો કે—'જ્યાં

સુધી મારો ભાઈ ન મળે ત્યાં સુધી મારે વનમાં ક્રીડા કરવા જવું નહીં, પલંગ પર સૂવું નહીં અને ઘી ખાવું નહીં.'

અહીં પાલકુમાર તેજ નગરમાં રહેનારા અને સમુદ્રમાર્ગે અશ્વનો વ્યવસાય કરનારા ધનદત્ત શેઠને ત્યાં માત્ર ભોજન લેવાની જ શરતે નોકર રહ્યો અને પોતાના ગુણોવડે તેણે શેઠને બહુ રાજી કર્યો એટલે શેઠે તેના પર વિશ્વાસ લાવીને પોતાનો કોશાધ્યક્ષ બનાવ્યો. અન્યદા તે ધનદત્ત શેઠ સિંહલદ્વીપ જવા માટે તૈયાર થયો અને કેટલાક અશ્વો તથા કરિયાણાઓ વેચવા માટે લઇ જવા તૈયાર કર્યા. પછી તેના વડે વહાણો ભરીને ધનદત્ત શેઠ પાલકુમાર સહિત પ્રવહણમાં આરૂઢ થયો. થોડા જ દિવસમાં તે વહાણો સિંહલદ્વીપે પહોંચ્યા. પછી બધા કરિયાણા વિગેરે વહાણમાંથી ઉતારીને જાળવવા માટે પાલકુમારને ત્યાં રાખીને બુદ્ધિમાન્ શેઠ વ્યવસાય કરવા નગરમાં ગયો. ત્યાં કેટલોક વ્યવસાય કરીને પાછા નવા કરિયાણાવડે વહાણો ભરીને શેઠે ત્યાંથી ઉપડવાની તૈયારી કરી. એટલે પાલકુમારે શેઠને કહ્યું કે—'આપની આજ્ઞા હોય તો હું આ નગરમાં કૌતુક જોવા જાઉં.' એટલે શેઠે રજા આપી પણ તાકીદે પાછો આવવા કહ્યું.

પાલકુમાર નગરમાં ફરતો ફરતો કૌતુક જોવાની ઇચ્છાથી રૂપવડે મિનધ્વજ ( કામદેવ ) જેવો તે કામદેવના મંદિર પાસે આવ્યો. એવામાં 'દોડો, દોડો,' એવો કોલાહળ સંભળાણો એટલે પાલકુમારે ત્યાંના દેવાર્ચક ( પૂજારી ) ને પૂછયું કે—' આ કોલાહળ શેનો છે ? ' એટલે તે કામદેવનો પૂજારી બોલ્યો કે—' આ સિંહલદ્વીપના રાજાને કળાના ગૃહરૂપ અને ધનુર્વેદમાં વિશારદ ( પ્રવીણ ) સૌભાગ્યમંજરી નામે પુત્રી છે. તેણે એવી પ્રતિજ્ઞા કરી છે કે—' મારી એક મુષ્ટિથી છોડેલા ત્રણ બાણને જે સહન

કરે-ઝીલી લેય તે મારો ભર્તાર થાય.' તે અત્યારે કામદેવની પૂજા કરવા આવે છે. માર્ગમાં માણસોને જોઇ જોઈને તે પોતાના અવારિત બાણો છોડે છે તેથી લોકોને તેના માર્ગમાંથી હઠી જવા માટે-તેના ભોગ થઇ ન પડે તેટલા માટે દાસીઓ આવો પોકાર કરે છે તેનો આ ધ્વનિ છે; માટે હે પુરુષ ! તારે પણ અહીં ઊભા રહેવું સારું નથી.' આમ કહીને પૂજારી તો ગયો.

પાલકુમાર તો નિર્ભય હોવાથી તેના બાણનું કૌતુક જોવા ત્યાં જ ઊભો રહ્યો. પાલકુમારને તેમ ઊભો રહેલો જોઇને પેલી રાજકન્યાએ તેની ઉપર તરત જ એક સાથે ત્રણ બાણ ફેંકયા એટલે તેણે બે હાથવડે બે અને મોઢાવડે એક એમ ત્રણે બાણ પકડી લીધા. આવી અપૂર્વ કળા જોઇને તે બાળા ( રાજકુમારી ) તેના પર મોહ પામી અને અનુરાગી થઈ. પછી કામદેવને પૂજીને તે પોતાને સ્થાને ગઈ.

આ હકીકત સાંભળીને રાજાએ પાલકુમારને તેડાવ્યો એટલે તે રાજસભામાં ગયો. તેને જોઇને [1] વિશાળાવાસી માગધો (બારોટો) એ ઓળખ્યો. પછી તેનું નામ-વંશાદિક તેમણે રાજાને કહ્યું એટલે રાજાએ ઉત્સવપૂર્વક તે પુત્રી અને અર્ધરાજ્ય પાલકુમારને આપ્યું.

વિવાહ થઈ ગયા પછી રાજાને પૂછીને પાલકુમાર ઘણા પ્રવહણોમાં પોતાની લક્ષ્મી ચડાવીને સૌભાગ્યમંજરી સહિત એક પ્રવહણમાં બેઠો. પોતાના શેઠની સાથે તેણે પણ તામ્રલિપ્તીનગરી તરફ પ્રયાણ કર્યું.

દ્રવ્ય અને સ્ત્રીના લોભી એવા ધનદત્ત શેઠે રાત્રિએ પોતાના વહાણમાં વિશ્રાંતિ લઇને સૂતેલા પાલકુમારને સમુદ્રમાં નાખી દીધો. તે હકીકત જાણીને તેની સ્ત્રી વિલાપ કરવા લાગી એટલે

---

૧ ઉજ્જયિનીનું બીજું નામ વિશાળા સંભવે છે.

કામાંધ ચિત્તવાળા શેઠે તેની પાસે આવીને કહ્યું કે-' હે સુંદરી ! તું શોક તજી દે અને મારી સાથે સુખભોગ ભોગવ. હું તારો દાસ છું. ' આવા વજ્રપાત જેવા તેના વચનો સાંભળીને સૌભાગ્યસુંદરી તેને બોધ આપવા માટે બોલી કે—" હે શેઠ ! શરીરને અગ્નિમાં હોમી દેવું સારું તેમજ ઝેર ખાવું સારું, પરંતુ નરકપ્રાપ્તિના હેતુભૂત પરસ્ત્રીના સંગની ઇચ્છા કરવી તે સારી નહીં. શાસ્ત્રમાં કહ્યું છે કે-પ્રાણનો સંદેહ કરાવનાર, પરમ વૈરનું કારણ અને બંને લોકવિરુદ્ધ એવું પરસ્ત્રીગમન તજી દેવું. રાજાની રાણીમાં અત્યંત લંપટ એવા ધનવણિકના પુત્રને રાજાના ભયથી રાણીએ વિષ્ટાથી વ્યાપ્ત એવા કુવામાં નાખી દીધો હતો. ત્યાં નવ માસ રહીને નગરખાળવાટે બહાર નીકળ્યો. ત્યારપછી પણ પાછો સુગંધી પદાર્થ વિગેરેથી વાસિત થઇને કામસુખનો ઇચ્છક તે વણિકપુત્ર તે રાણીને જ ઇચ્છવા લાગ્યો; પોતાને ઘરે ન ગયો. ધિક્કાર છે આવા પરસ્ત્રીમાં આસક્ત જનોને ! મણિરથ રાજાએ પોતાના નાના ભાઇની સ્ત્રીમાં આસક્ત થઇને ભાઇને હણ્યો. તે સ્ત્રી તો હાથમાંથી ગઇ-મરણ પામી અને મણિરથને તે જ રાત્રે સર્પડંશ થવાથી મરણ પામીને નરકે ગયો. કામદેવના પ્રહારથી જર્જરીત થયેલાને, પોતાના ને પરના સંબંધની હાનિ થાય છે, જગતમાં હાસ્ય થાય છે અને અનેક વખત જન્મ, જરા ને મરણના દુ:ખો ભોગવવા પડે છે. જુઓ ! ચંડપ્રદ્યોતન રાજાએ મૃગાવતીનું હરણ કરવા માટે શતાનીક રાજાને હણ્યો. મૃગાવતીએ વિલંબ કરવા માટે તેનાથી પોતાના નગરનું રક્ષણાદિ કરાવ્યું. પછી વીરપરમાત્મા ત્યાં પધાર્યા એટલે ચંડપ્રદ્યોતની આજ્ઞા લઇને તેની આઠ સ્ત્રીઓએ ને મૃગાવતીએ પ્રભુ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. હા ઈતિ ખેદે ! કામદેવ મૂળનો નાશ કરનાર છે. પોતાના

પરાક્રમવડે આખા વિશ્વ ( ત્રણ ખંડ ) નું આક્રમણ કરનાર દશકંધર ( રાવણ ) પણ પરસ્ત્રીની ( સીતાની ) ઈચ્છા કરવાથી પોતાના કુળના ક્ષય સાથે મરણ પામ્યો અને નરકે ગયો. ”

આ પ્રમાણે ઘણો ઉપદેશ આપ્યા છતાં પણ ધનદત્ત શેઠ બોધ ન પામ્યો એટલે સૌભાગ્યમંજરી હૃદયમાં વિચારવા લાગી કે– ‘ પાંચ આપત્તિ પામ્યા પછી ધ્રુવપણે રાજ્યપ્રાપ્તિ થશે એમ મારા પતિને શુકે કહ્યું હતું તેથી અત્યારે તો તામ્રલિપ્તી જ જઉં કે જ્યાં મારા પતિનો નાનો ભાઇ રાજ્ય કરે છે એમ મારા પતિએ કહેલું હતું. મારા પતિ આપત્તિનો પાર પામીને જરૂર રાજા થશે અને પોતાના ભાઈને મળવા તામ્રલિપ્તી આવશે. એટલે મને ત્યાં મારા પતિ સાથે યોગ પ્રાપ્ત થશે. અત્યારે તો મારા પતિની મરણક્રિયા કરવાને મિષે આ શેઠને છેતરીને કાળ વ્યતીત કરું. ” આમ વિચારીને તેણીએ ધનદત્ત શેઠને કહ્યું કે— ‘ અમારા કુળની એવી રીતિ છે કે પતિ મૃત્યુ પામ્યે સતે તેના શ્રેય નિમિત્તે દાન આપીને પછી અન્ય પતિ કરવો. તે સિવાય કરવામાં આવે તો અમંગળ થાય અને તે સ્ત્રીનું તેમજ અન્ય પતિનું પણ મરણ થાય; માટે હું એક વર્ષ પર્યંત તેના શ્રેય માટે દાન આપીને પછી તમે જેમ કહેશો તેમ કરીશ. શ્રેયાર્થી એવા તમારે ત્યાંસુધી મારું નામ પણ ન લેવું. ’ શેઠે તે વાત કબૂલ કરી અને હર્ષ પામીને પોતાને સ્થાનકે ગયો.

પછી તામ્રલિપ્તીપુરીએ પહોંચ્યા પછી વહાણમાંથી ઉતરીને સૌભાગ્યમંજરી નગરની બહાર દાનશાળા માંડીને પરિવાર સહિત ત્યાં રહી અને યથેચ્છ દાન દેવા લાગી.

## બીજી આપત્તિ સંપૂર્ણ

પાલકુમાર સમુદ્રમાં પાટિયું મળવાથી કિનારે નીકળ્યો. ત્યાંથી આગળ ચાલતાં માર્ગમાં એક સાર્થવાહ મળ્યો. તેણે પાલકુમારના ગુણથી આકર્ષિત થઈને તેને પોતાની પાસે રાખ્યો. તે સાર્થવાહની સ્ત્રી પાલકુમારનું રૂપ જોઇને તેના પર આસક્ત થઇ. રાત્રિએ તેણે અનેક પ્રકારના હાવભાવ કરીને તેની પાસે કામ–પ્રાર્થના કરી. પરનારીથી પરાઙ્મુખ પાલકુમારે તે વાત સ્વીકારી નહીં એટલે વિલખી પડેલી તેણે પોકાર કર્યો કે—'મારા શિયળનું ખંડન કરવા આવનાર આ કોણ છે? તેની તજવીજ કરો. આણે બળાત્કારે મારી વિડંબના કરી છે માટે તેનો નિગ્રહ કરો.' આવો પોકાર સાંભળી સાર્થવાહના સેવકોએ તેને પકડ્યો અને આ શસ્ત્ર વિનાના વણિકપુત્રને મારવો કે નહીં? એવો વિચાર કરીને તેમણે કાંઈક વિલંબ કર્યો પરંતુ તેને બાંધી તો લીધો. પછી તેના શરીરના ભાગ ઉપર તેઓ પ્રહાર કરવા લાગ્યા ત્યાં તે પ્રહારો તેના શીલના પ્રભાવથી મણિસ્વર્ણના અલંકારરૂપ થઇ ગયા અને આકાશમાં રહીને દેવે પાલકુમારની સ્તુતિરૂપ વાણી કરી કે 'આ પાલકુમારને છોડી દ્યો, એ નિષ્કલંક છે.' આ પ્રમાણે સાંભળીને સાર્થવાહના સેવકોએ તેને છોડી દઇને સત્કાર કર્યો.

## તૃતીય આપત્તિ સંપૂર્ણ

પછી તે સાર્થવાહને તજી દઇને પાલકુમાર એકલો તામ્રલિપ્તીની નજીક આવ્યો. ત્યાં ગ્રીષ્મઋતુના અત્યંત તાપવડે તૃષાથી આક્રાંત થઇને તે ભૂમિ પર મૂર્ચ્છિત થઈને પડ્યા. થોડા વખત પછી તે સાવધ થયો એટલે તેણે પેલા સર્પદેવને સંભાર્યો. તે દેવે પવિત્ર ને નિર્મળ પાણી લાવીને તેને 'આ પાણી પીવો' એમ કહ્યું. તે વખતે ત્યાં ઘણું તૃષાતુર એવું ગાયોનું વૃંદ આવ્યું. નિર્જળ એવા તે વનમાં તે ગાયોના સમૂહને જોઇને પાલકુમાર તેને

પાણી પાવાની ઈચ્છાવાળો થયો. તે વિચારવા લાગ્યો કે ' અગાઉ કોઇ પણ વખતે બીજા પ્રાણીઓ તૃષાતુર છતાં મેં પાણી પીધું નથી અને અન્ય ક્ષુધાતુર છતાં મેં ખાધું નથી; તો અત્યારે આ ગાયો તૃષાતુર છતાં હું પાણી કેમ પીઉં ? ' એમ વિચારીને તેણે પેલા દેવને કહ્યું કે—' અન્ય જંતુઓમાં દયાવાળા એવા મારે ગાયોનો સમૂહ તૃષિત સતે પાણી પીવું ઘટિત નથી માટે અહીં પાણીથી ભરપૂર એવું સરોવર બનાવી દો. ' પાલકુમારની એવી ઇચ્છાથી દેવે તરત જ ત્યાં જળવૃષ્ટિ કરી એટલે તે સ્થાનકે પાણીથી ભરપૂર સરોવર બની ગયું. તેમાંથી પાણી પીને ગાયો સ્વસ્થ થઈ તેમજ પાલકુમાર પણ આનંદ પામ્યો.

## ચતુર્થ આપત્તિ સંપૂર્ણ

પછી પાલકુમાર ત્યાંથી તામ્રલિપ્તીપુરીના ઉદ્યાનમાં ગયો. ત્યાં દાનશાળામાં દાન દેતી સૌભાગ્યમંજરીને તેણે દીઠી. તે વખતે દંપતીના પરસ્પરના સંગમથી એવો અપૂર્વ આનંદ વિસ્તાર પામ્યો કે તે વહેંચીને જુદા જુદા હૃદયમાં સ્થાપ્યો સતો પણ તેમાં સમાણો નહીં. એવામાં ત્યાં સૌભાગ્યમંજરીને જોવા માટે **ધનદત્ત** શેઠ આવ્યો પણ ત્યાં પાલકુમારને જોવાથી તે ભય પામીને તરતજ પાછો વળી ગયો. પછી તે દુષ્ટબુદ્ધિએ રાજ્યના ગ્રામરક્ષક પુરુષો ( પોલિસ ) ને જઇને કહ્યું કે—' મારી દાનશાળામાં કોઇ ચોરે પ્રવેશ કર્યો છે માટે તમે તેનો નિગ્રહ કરો.' એટલે આરક્ષકોએ દાનશાળા ફરતા ફરી વળીને પાલકુમારને ઘેરી લીધો અને બહાર નીકળવા કહ્યું એટલે એક નાની તલવાર લઇને પાલકુમાર બહાર નીકળ્યો અને દાનશાળાની ભીંત પાસે ઊભા રહી સાહસિકશિરોમણિ પાલકુમારે પોતાની તલવાર ચોતરફ ફેરવીને આરક્ષકોના શસ્ત્રોનું નિવારણ કર્યું. જ્યારે આરક્ષકો કોઇ

રીતે તેને પકડી શક્યા નહીં ત્યારે તે સુભટોએ કપટવડે પાલકુમારની સ્તુતિ કરી. તે સાંભળીને પ્રસન્ન થયેલા પાલકુમારે કહ્યું કે—'હું ધનવર્જિત હોવાથી તમને શું આપું ?' એટલે તેઓ બોલ્યા કે—'આ તમારી તલવાર આપો.' પાલકુમારે તે આપી દીધી, એટલે શસ્ત્ર વિનાના તેને સુભટોએ બાંધી લીધો અને તે રાજકુમારને શૂળીએ ચડાવવા માટે વધભૂમિએ લઇ ગયા. એવામાં પાલકુમારે જે ગાયોને પાણી પાઇને બચાવી હતી તે બધી ત્યાં આવી અને પાલકુમારની ફરતી ફરી વળી. પછી ગાયોએ કેટલાક સુભટોને પગવડે હણ્યા અને કેટલાકને શિંગડાના પ્રહારથી પાડી દીધા. એટલે બધા સુભટો ચોતરફ નાશી ગયા. ગાયોના ગોવાળે પાલકુમારના બંધનો તોડી નાખ્યા એટલે મહાસંકટમાંથી પાર ઉતરીને સુભટોમાં અદ્વિતીય શિરોમણિ પાલકુમાર દાનશાળામાં આવ્યો.

## પાંચમી આપત્તિ સંપૂર્ણ

પેલા આરક્ષકોએ રાજા પાસે જઇને બધું વૃત્તાંત નિવેદન કર્યું એટલે તેણે પાલકુમારને હણવા માટે પોતાનું સૈન્ય મોકલ્યું. સૈન્યને આવેલું જોઇને પાલકુમાર દાનશાળામાંથી બહાર નીકળ્યો અને ડાબા તથા જમણા બંને હાથમાં ધનુષ્ય ધારણ કરીને વરસાદ જેમ જળધારા વરસાવે તેમ તે બે ધનુષ્યોવડે એટલા બધા બાણોની શ્રેણી ફેંકી કે તે જોઇને વરસાદ આવે ત્યારે રાજહંસો જેમ સ્વસ્થાને ચાલ્યા જાય તેમ રાજસુભટો રણાંગણમાંથી ભાગી ગયા. આ પ્રમાણે પોતાના સૈન્યને નાશી આવેલું જોઇને રાજા પોતે ત્યાં આવ્યો. તેણે પાલકુમારને જોતાં જ પોતાના મોટા ભાઈ તરીકે ઓળખ્યા, એટલે તેણે તેમના ચરણમાં જઇને પ્રણામ કર્યો.

પાલકુમારે પોતાનું બધું વૃત્તાંત ગોપાળકુમારને કહ્યું. તે

બંનેનો સંગમ થયેલો જોઇને સૌભાગ્યમંજરી ઘણી હર્ષિત થઇ. પછી નગરજનોએ કરેલા મહાન ઉત્સવવડે સર્વેએ નગરમાં પ્રવેશ કર્યો. પછી રાજાએ ધનદત્ત શેઠનું દ્રવ્ય ગ્રહણ કરીને તેને બંધાવ્યો. પાલકુમારે તેને છોડાવ્યો એટલે રાજાએ તેને પોતાના દેશમાંથી કાઢી મૂકયો. તે મરણ પામીને નરકે ગયો. પાપાત્માને સુખની પ્રાપ્તિ કયાંથી હોય ?

ગોપાળકુમારે વડીલ બંધુને રાજ્ય દેવા માંડયું પણ તેણે તે ઇચ્છયું નહી. તેણે કહ્યું મને તો પિતાનું રાજ્ય મેળવવું તેજ ઉચિત છે. કેટલાક દિવસો આનંદમાં વ્યતીત કર્યા પછી અસંખ્ય લશ્કર સાથે તે ભાઇઓએ તામ્રલિપ્તીથી ઉજ્જયિની તરફ પ્રયાણ કર્યું. દેશના સીમાડા ઉપર લશ્કરને સ્થાપિત કરીને તેમણે પોતાના મંત્રીને બધી હકીકત નિવેદન કરવા માટે ઉજ્જયિનીમાં એક માણસને મોકલ્યો. તે બંનેને આવેલા જાણીને મંત્રી બહુ આનંદ પામ્યો. તેણે રાજા પાસે જઇને કહ્યું કે—'હે દેવ ! આપણા દેશના સીમાડા ઉપર શત્રુનું મોટું સૈન્ય આવેલું છે.' તે સાંભળીને જરાવડે જર્જરીભૂત થયેલો રાજા પોતાને યુદ્ધ કરવામાં અશક્ત જાણીને યુદ્ધ કરવાની શક્તિવાળા પોતાના બંને પુત્રનો ધ્વંસ કરનાર પોતાને માટે શોક કરવા લાગ્યો. મંત્રીએ કહ્યું કે—'હે સ્વામી ! હવે વિષાદ કરવાથી સર્યું, કારણ કે હાથમાંથી ગયેલું, મરણ પામેલું કે નષ્ટ થયેલું હોય એને માટે વિચક્ષણ મનુષ્યો શોક કરતા નથી; માટે હે વીર ! યુદ્ધ માટે ઉતાવળ કરો અને ધૈર્યનું અવલંબન કરો.' એટલે રાજાએ યુદ્ધ કરવા માટે સૈન્ય સહિત પ્રયાણ કર્યું. બંને સૈન્ય એકઠા મળ્યા અને વીરપુરુષોનો સંહાર કરનાર ઘોર સંગ્રામ થયો. રાજાના શૂરવીર સુભટોએ પોતાના બાણોવડે શત્રુના સૈનિકોને

પીડિત કરી દીધા, તે જોઇને પાલ ને ગોપાળ બંનેએ બાણની શ્રેણી વરસાવતા રાજાના સૈન્યમાં પ્રવેશ કર્યો. તે બંનેના પરાક્રમથી ક્ષણમાત્રમાં રાજાનું સૈન્ય ભાગ્યું. એટલે બળ વિનાનો રાજા ભગ્નચિત્ત થઇને વ્યગ્ર બની ગયો. તે અવસરે યોગ્ય સમય જાણીને વિનીતશિરોમણિ એવા બંને કુમારે પોતાના પિતા પાસે જઇને ભક્તિપૂર્વક પ્રણામ કર્યો. રાજા તેમને જોઇને આશ્ચર્ય પામ્યો એટલે તેણે મંત્રી સામે જોઇને પૂછ્યું કે— 'આ શું ?' એટલે મંત્રીએ પ્રારંભથી બધો વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો. તે સાંભળીને રાજા બહુ જ હર્ષિત અને તુષ્ટમાન થયો. મંત્રીની ઘણી પ્રશંસા કરી.

પછી રાજા વિગેરે સર્વે ઉજ્જયિનીમાં આવ્યા અને બંને પુત્રોએ પોતાની માતા પાસે જઇને તેમના ચરણમાં નમસ્કાર કર્યો. માતા પોતાના બંને પુત્રોને આવા પરાક્રમી જોઇને બહુ જ આનંદિત થઇ.

હવે તે અવસરે તે નગરના ઉદ્યાનમાં જ્ઞાની મુનિ પધાર્યા. રાજા પૂર્ણ ભક્તિભાવથી બંને પુત્રોને લઇને વંદન કરવા ગયો. મુનિરાજે દેશના આપી.

" ભો ભવ્યો ! આ સંસારમાં અપૂર્વ મનુષ્યજન્મ પામીને તમે પ્રમાદમાં કાળ વ્યતીત કરશો તો જ્યારે અહીંથી દુર્ગતિમાં ચાલ્યા જશો અને હીન જાતિમાં ઉપજશો ત્યારે તમને પારાવાર પસ્તાવો થશે. મનુષ્યજન્મ આ જીવને કેટલી મુશ્કેલીએ પ્રાપ્ત થાય છે તેની તમને વડીલની લક્ષ્મીના માલેક બનેલા પુત્રની જેમ ખબર ન હોવાથી તમે તેની કિંમત આંકી શકતા નથી, પરંતુ પૂર્વે જ્ઞાની મહાત્મા તેની ઘણી દુર્લભતા બતાવી ગયા

છે. તેવો જન્મ પામીને તમે જેમ બની શકે તેમ પાપાચારથી દૂર રહો અને ધર્માચરણ સેવો. હિંસા, અસત્ય, ચોરી, પરદારાગમન, દ્રવ્યમૂર્ચ્છા વિગેરે પાપો છે અને તેના નિવારણરૂપ અહિંસા, સત્ય, અચૌર્ય, સ્વદારાસંતોષ તથા દ્રવ્યપરિમાણ ( સંતોષ ) એ શ્રાવકના અણુવ્રતો છે. સર્વથા વીશ વસા હિંસાનો ત્યાગ, સર્વથા અસત્યનો ત્યાગ, સર્વથા અદત્તનો ત્યાગ, સર્વથા સ્ત્રીસંગનો ત્યાગ અને સર્વથા પરિગ્રહનો ત્યાગ એ પાંચ મહાવ્રતો છે. શક્તિ હોય તો અવશ્ય મહાવ્રતો અંગીકાર કરવા અને સંસારનો સંબંધ છોડી દઈ મુનિ થવું, પરંતુ જો તેવી શક્તિ ન હોય તો ઉપર પ્રમાણે દેશથી વિરતિરૂપ શ્રાવક ધર્મ અંગીકાર કરવો. તદુપરાંત આ સંસારમાં પરિભ્રમણ કરાવનાર વિષયકષાયોનો પણ ત્યાગ કરવો. પાંચે ઇંદ્રિયો પૈકી એકેક ઇંદ્રિયના વશવર્ત્તીપણાથી જીવ પ્રાણસંદેહને પામે છે તો પછી પાંચે ઈંદ્રિયોને વશ થાય–તેમાં આસક્ત થઈ જાય તો આ પ્રાણી કેટલા દુઃખને પામે તેનો વિચાર કરો. કષાય પણ સંસારની વૃદ્ધિ કરનારા છે. તેના મુખ્ય ચાર પ્રકાર છે : ક્રોધ, માન, માયા ને લોભ. એ ચારેના પણ તરતમ યોગથી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ને સંજ્વલન–એમ ચાર ચાર ભેદ પાડેલા છે. આ કષાયોને વશ થવાથી જીવ અનેક પ્રકારના દુઃખોનું ભાજન થાય છે અને સંસારમાં પરિભ્રમણ કરે છે. દરેક કષાયથી દુઃખ પામેલાના અનેક દૃષ્ટાંતો સુપ્રસિદ્ધ છે, માટે તેને ખરેખરા શત્રુ અને અહિતકારક જાણી તજી દેવાનો–ઘટાડવાનો પ્રયત્ન કરવો. જે પ્રાણી યથાશક્તિ શ્રાવકધર્મનું કે મુનિધર્મનું આરાધન કરે છે તે અનેક પ્રકારની સુખ સંપદા પામે છે અને પ્રાંતે મોક્ષને પણ મેળવે છે. પૂર્વભવે એક હરણના યુગલની

હિંસા કરવાથી, મુનિરાજને સતાવવાથી, કામને આધીન થવાથી, અતિ તૃષ્ણાથી તેમજ સંસારની આસક્તિથી દુઃખી થયેલા અને વ્રતારાધનથી, શિયળપાલનથી ને દાન વિગેરે ધર્મના પાલનથી સુખી થયેલાના અનેક દૃષ્ટાંતો છે તેવું જ એક દૃષ્ટાંત હે રાજા! તમે, તમારા બે પુત્રો અને તમારી રાણીઓ વિગેરે પૂરું પાડે છે. તમારું પૂર્વભવનું વૃત્તાંત જાણીને તમે પણ પાપાચરણથી દૂર રહેવા અને ધર્માચરણ આચરવા પ્રયત્ન કરો કે જેથી તમારા આત્માની પ્રગતિ થાય.."

દેશના શ્રવણ કર્યા પછી રાજાએ પૂછ્યું કે–'હે મહારાજ! મારી બુદ્ધિ મારા પુત્રોને મારવાની શા કારણે થઈ?' ગુરુ કહે–'હે રાજા! તારો પૂર્વ ભવ સાંભળ. પૂર્વે બે ક્ષત્રીઓ હતા. તે બન્ને ધનુર્ધર હતા. અન્યદા શિકાર કરવા માટે વનમાં ગયા. ત્યાં તેણે હરણના યુગલને તીક્ષ્ણ બાણ–વડે હણ્યું. ત્યાંથી મરણ પામીને અનેક પ્રકારની વ્યથાને સહન કરતા અનેક ભવોમાં ભમી, અકામ નિર્જરાના બળથી હરણનો જીવ તું રાજા થયો અને હરણીનો જીવ તારી રાણી લક્ષ્મી થઈ. પેલા બે ક્ષત્રિયોને વનમાં ભમતાં એક મુનિ મળ્યા. તેમની મોટા ક્ષત્રીએ પાંચ વાર અવજ્ઞા કરી, પરંતુ શાંતિના ગૃહ તુલ્ય તે દયાળુ મુનિએ તે બન્નેને પ્રતિબોધ પમાડ્યો. તે બન્ને હર્ષિત થઈ શ્રાદ્ધધર્મ અંગીકાર કરીને નગરમાં આવ્યા. ઘણા કાળ પર્યંત શ્રાદ્ધધર્મની આરાધના કરીને તે બંને ક્ષત્રીઓ મરણ પામી હે ભૂપતિ! તારા પુત્ર પાલ ને ગોપાલ થયા. પૂર્વભવના વૈરાનુભાવથી તને અને તારી રાણી લક્ષ્મીને તેને મારવાની વૃત્તિ થઈ. જીવે કરેલાં કર્મ ભોગવ્યા સિવાય છૂટકો નથી. વળી પૂર્વભવમાં મુનિને પાંચ વાર સંતાપના કરેલી હોવાથી પાલને પાંચ આપત્તિઓ પ્રાપ્ત થઇ અને શ્રાદ્ધ–

ધર્મની આરાધના કરેલી હોવાથી બન્ને રાજ્યસંપદાને પામ્યા. આરાધન કરેલા ધર્મનું પણ ફળ પ્રાપ્ત થાય જ છે.'

આ પ્રમાણે સાંભળીને વિરક્ત થયેલા રાજાએ ઉજ્જયિનીના રાજ્ય પર પાલકુમારનું સ્થાપન કરીને ચારિત્ર ગ્રહણ કર્યું અને ચિરકાળ દીક્ષાની પ્રતિપાલના કરીને સદ્ગતિનું ભાજન થયો. લક્ષ્મી રાણી આર્ત્તધ્યાનથી મરણ પામીને નરકે ગઇ.

રાજ્ય પામેલા પાલ ને ગોપાળે શ્રી જિનેશ્વરના અતિઉત્તુંગ પ્રાસાદો કરાવ્યા, ઉત્તમ પ્રકારનું દાન દીધું અને પૂજા, પ્રભાવના-વડે જિનશાસનની ઉન્નતિ કરી. પોતપોતાનું રાજ્ય પાળતા એવા તે બન્ને કુમારો ઘણા મહોદયને-પ્રશંસાને પામ્યા.

અન્યદા તે બન્ને વિશાળા (ઉજ્જયિની)માં એકઠા થયા અને પૌષધવ્રત અંગીકાર કરીને શુભ ભાવનામાં તત્પર થયા. એ વખતે તેમના ધૈર્યની સ્તુતિ ઇંદ્રે દેવલોકમાં કરી. તે સાંભળીને તે વાતને નહીં સહન કરતો કોઇ મિથ્યાત્વી દેવ તેમને ચળાવવા માટે મનુષ્યલોકમાં આવ્યો. તેણે અનેક પ્રકારે ક્ષોભ પમાડયા સતા તેઓ કિંચિત્ પણ ક્ષોભ પામ્યા નહીં. શું કલ્પાંત કાળનો મહાબળવાન પવન પણ મેરુપર્વતને ચળાવવાને શક્તિવાન થાય છે? પ્રાંતે નિરાશ થઇ તેમની પ્રશંસા કરીને આવેલ દેવ સ્વસ્થાને ગયો.

બન્ને ભાઈઓ સારી રીતે પૌષધ વ્રત પાળીને અનુક્રમે સ્વર્ગનું ભાજન થયા-સ્વર્ગે ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય થઇને મોક્ષે જશે-શાશ્વત ને અનંત સુખનું ભાજન થશે.

આ પ્રમાણેનું મહાઆશ્ચર્યકારી શ્રી પાલ ગોપાળનું ચરિત્ર સાંભળીને બુદ્ધિમાન મનુષ્યોએ પૌષધાદિ શ્રાવક ધર્મના આરાધનમાં તત્પર થવું અને પ્રાંતે ચારિત્ર ગ્રહણ કરી અક્ષય સુખ મેળવવું.

શ્રી તપાગચ્છરૂપ આકાશમાં સૂર્ય સમાન શ્રી સોમસુંદર ગુરુના ચરણકમળમાં ભ્રમર સમાન શ્રી જિનકીર્ત્તિસૂરિએ ભવ્ય પ્રાણીને બોધ થવા:માટે સુગમ અર્થવાળું આ કથાનક રચ્યું છે.

**ઇતિ શ્રી જિનકીર્ત્તિસૂરિવિરચિત**
**શ્રી પાલ ગોપાલ કથા સંપૂર્ણ.**

## કથા રહસ્ય

આ ચરિત્ર માત્ર અઢીસો શ્લોકપ્રમાણ ( નાનું ) હોવા છતાં તેમાંથી સાર ઘણો લેવાનો છે. કામને વશ મનુષ્ય શું શું અકાર્ય નથી કરતો ? આને અંગે મહાલક્ષ્મી રાણીની, પાલકુમારના પિતાની, ધનદત્ત શેઠની, સાર્થવાહની સ્ત્રીની એવી અનેક હકીકત ખાસ ધ્યાન ખેંચે તેવી છે. પરોપકાર બુદ્ધિ માટે શુક–શુકીની હકીકત ધ્યાન ખેંચનારી છે. લઘુબંધુ પરના પ્રેમ માટે પાલ-કુમારની હકીકત લક્ષમાં લેવા લાયક છે. સમયને વર્તીને કામ લેવામાં સૌભાગ્યમંજરી દૃષ્ટાંત પૂરું પાડે છે. જીવદયાના સંબંધમાં સર્પ ને દેડકાનો પ્રસંગ કે જેમાં પાલકુમાર શાંતિનાથના જીવ મેઘરથ રાજાની જેમ આખું શરીર અર્પણ કરી દે છે તે તેમજ પોતે અત્યંત તૃષાતુર હોવા છતાં ગાયોનો વૃંદ તૃષિત હોય ત્યાંસુધી હું પાણી પી ન શકું એ પ્રસંગ ધ્યાન ખેંચવા લાયક છે. કરેલાં કર્મ ભોગવવાંજ પડે છે તેની ઉપર મુનિએ કહેલ પૂર્વભવ ધ્યાન ખેંચે છે અને પૂર્વભવે આરાધેલ શ્રાદ્ધધર્મ તેમજ આ ભવમાં પૌષધવ્રતને વખતે બતાવેલી દઢતા ધર્મારાધન માટે ધ્યાન ખેંચે છે. શૂરવીરપણામાં પાલકુમાર દૃષ્ટાંતરૂપ છે અને સાચા મંત્રીપણામાં મહાસેન રાજાનો મંત્રી દૃષ્ટાંતભૂત છે. અશુભ સ્વપ્નવડે સૂચિત પ્રસંગ તેનું નિવારણ કર્યા છતાં પણ અમુક અંશે

ઉપસ્થિત થાય છે તે ધ્યાનમાં રાખવાનું છે. ધનુર્ધરપણામાં સૌભા[redacted] બન્નેએ પ્રવીણુતા બતાવી છે. ધમી[redacted] નિરંતર પ્રશંસા કરવાનું કાર્ય ઈંદ્ર કર્યા [redacted] છે એ વાત પણ આ કથાથી સિદ્ધ થાય છે. પાંચે આપત્તિમાં પાલકુમારનું ધૈર્ય વખાણવાલાયક છે. ધર્માારાધનના ફળ આ ભવમાં ને પરભવમાં અવશ્ય પ્રાપ્ત થાય છે. આ કથામાં મુખ્ય વિષય બ્રહ્મચર્યનો છે. પાલકુમારે મહાલક્ષ્મીની પ્રાર્થના વખતે તેમજ સાર્થવાહની સ્ત્રીની પ્રાર્થના વખતે પોતાની દૃઢતા બતાવી આપી છે. સૌભાગ્યમંજરીએ ધનદત્તશેઠને શિખામણ આપતાં અનેક દૃષ્ટાંતો સૂચવ્યા છે પરંતુ કામાંધ મનુષ્યને તેવી શિખામણ સાંભળવાનો અવકાશ જ હોતો નથી, એ ધનદત્ત શેઠ બતાવી આપે છે. તેમજ મહાસેન રાજાને મંત્રીએ હિતશિક્ષા કહી ત્યારે તેણે પણ અનાદર કરીને પોતાનું કામાંધપણું બતાવી આપ્યું છે. આવી રીતે આ નાના સરખા ચરિત્રમાં અનેક વિષયો ખાસ ધ્યાન ખેંચનારા છે.

મુનિમહારાજે આપેલી દેશનાનો જરા પણ વિસ્તાર મૂળ ચરિત્રમાં ન હોવાથી પ્રસંગાનુસાર નવી લખીને દેશના દાખલ કરી છે. તે કર્ત્તાના વિચારને અનુરૂપ જ લખી છે અને પ્રસંગનું પોષણ કરે તેવી લખી છે. આશા છે કે આ નાનું સરખું ચરિત્ર વાંચી સજ્જનો જરૂર તેમાંથી સાર ગ્રહણ કરી પોતાનું સારગ્રાહીપણું સિદ્ધ કરી આપશે કે જેથી મારો આ લઘુ પ્રયાસ પણ ફળદાયક થવાથી મને સંતોષ પ્રાપ્ત થશે.

**ઇતિ પાલગોપાળ કથા સ્વરૂપ**

**સંપૂર્ણ**

પ્રથમ વ્રતના આરાધન શ્રી જિનકીર્તિસૂરિએ અર્થવાળું આ કથાનક રર

# શ્રી સૂર ચંદ્ર રાજાનું [illegible]ન

પાપોરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સરખા અને સમકિતની રાશિઓ સરખા શ્રાવકના બાર વ્રતો છે.

તેમાં નિરપરાધી ત્રસ જીવોની હિંસા ન કરવારૂપ તથા તેઓનાં શરીરને પીડા પણ ન ઉપજાવવારૂપ **અહિંસા** નામનું પહેલું વ્રત છે.

પુણ્યરૂપી કમળને (શોભાવનારી) હંસી સરખી અને અતિ નિર્મળ એવી આ અહિંસા એટલે દયા જ સંસાર અને મોક્ષરૂપી જળ તથા દૂધને જુદા કરવા માટે સેવાય છે.

પૃથ્વી અને સ્વર્ગના ભોગોની સુખલક્ષ્મીરૂપી પગથિયાઓની શ્રેણિથી શોભતી અને છેક મોક્ષ સુધી ઉપર ચડાવનારી દયા નામની નિઃશ્રેણી છે.

અહો! હિંસા હમેશાં દુઃખને, તથા અહિંસા પરમ સુખને સૂર અને ચન્દ્રકુમારની પેઠે પ્રાણીને આપે છે તેઓનું ઉદાહરણ આ પ્રમાણે—

લોકોનાં રૂપ, સમૃદ્ધિ તથા પુણ્યના સમૂહવડે કરીને, ઇંદ્રના નગર પાસેથી પણ જેણે જય મેળવેલો છે એવું **જયપુર** નામનું નગર છે. તે નગરમાં લક્ષ્મીના ભાજનરૂપ **શત્રુંજય** નામનો રાજા હતો કે જેનો યશરૂપી મહાસાગર વૈરીઓના અપયશરૂપી શેવાળથી શોભતો હતો.

આ જગતને પ્રગટ રીતે આનંદ કરવામાં સૂર્ય અને ચંદ્ર સરખા અને સજ્જનોને માનનીય એવા તે રાજાને **સૂર** અને

**ચંદ્ર** નામના બે પુત્રો હતા. મોટામાં ઉત્તમ ગુણો હોય, એવી ભ્રમમહે[redacted] ધારણ કરનારા શત્રુંજય રાજાએ [redacted] પદવી આપી.

ચંદ્ર [redacted] નાના પુત્રની તો રાજાએ કંઈ આજીવિકા પણ કરી આપી નહી, તેથી પોતાના આવાસમાં સૂતો સૂતો તે રાત્રિએ વિચારવા લાગ્યો કે–' પિતાએ પોતે આજે હર્ષથી સૂરને તો યુવરાજ બનાવ્યો અને મને આજીવિકા જેટલું પણ ન કરી આપ્યું ! અહો ! પિતાજીની કેટલી ગેરસમજ છે ? માટે પિતાએ તિરસ્કારેલા એવા મારે અહીં રહેવું લાયક નથી, કેમકે યૂથનાયકથી અપમાન પામેલો યુવાન હાથી શું યૂથમાં રહે છે ? '

એમ વિચારીને અત્યંત દુભાયેલો તે ચંદ્રકુમાર કુટુંબ પ્રત્યે સ્નેહ રહિત થઈને રાત્રિએ કોઈને જણાવ્યા વિના છુપી રીતે પોતાને ઘેરથી સાવધાન થયો થકો ચાલી નીકળ્યો. હૃદયના ઉત્સાહથી દૂર થયેલ છે કલેશ જેનો, અને પોતાના દેશનો ત્યાગ કરવામાં આનંદ માનતો એવો તે ચંદ્રકુમાર સુકુમાળ છતાં પણ દૂર દેશાંતરમાં દાખલ થયો. અહીં **રત્નપત્તન** નામનું અદ્ભુત નગર છે. તેના ઉદ્યાન પાસે આવેલા એક વૃક્ષ નીચે થાકી ગયેલો તે ચંદ્રકુમાર બેઠો. પછી કર્ણમાં સાંભળવા લાયક ધ્વનિ સાંભળીને તેને અનુસારે તે ઉદ્યાનમાં દાખલ થતાં ચંદ્રે **સુદર્શન** નામના મુનિને જોયા. સભાની વચલી ભૂમિમાં બેસીને તત્ત્વાર્થનો ઉપદેશ દેતા તે મુનિરાજને નમીને તેમના મુખથી પવિત્ર ભાવવાળા ચંદ્રકુમારે નીચે મુજબ ધર્મદેશના સાંભળી—

" પવિત્ર શીલવાળા ગૃહસ્થોએ તો અપરાધી ત્રસ જીવોને પણ હણવા જોઈએ નહી તો પછી નિરપરાધી જીવો માટે તો કહેવું જ શું ? " પોતાના કર્ણભાગને આનંદ આપનારી આવી

ટૂંકી દેશના સાંભળીને તે ચંદ્રે જીવદયાને સ્વીકારી પોતાના મ[illegible]થી નીચે મુજબ વ્રત અંગીકાર ક્ર્યાઆરાધન શ્રી જિનકીર્તિસૂરિએ [illegible]ને પણ સ્વામીનો આગ્રહ છ[illegible] અર્થવાળું આ કથાનક ૨૨ પણ મારવા નહી.' એ રીતે નિશ્ચય કરીને મહ[illegible] કુમાર ગુરુમહારાજને વાંદીને તે જ નગરના **જયસેન** રાજાની પાસે જઈને તેની સેવા કરવા લાગ્યો.

પવિત્રતા, સત્ય, ઉચિતતા, ચતુરાઈ તથા દાક્ષિણ્યતા આદિ અદ્ભુત સેવાગુણોથી તે રાજાને પ્રિય થઇ પડ્યો.

એક દિવસે પ્રેમવાળાં હાસ્યથી સ્નાન કરાવેલ છે હોઠોને જેણે એવા તે રાજાએ નિર્મળ વિવેકવાળા તે ચંદ્રકુમારને એકાંતે બેસાડી કહ્યું કે–'ઇંદ્ર સાથેના યુદ્ધમાં પણ કુશળ એવા મારા દૂધ સરખી ઉજ્જવળ કીર્તિવાળા ધૈર્યવંત સુભટો છે તેઓને પણ તારી દૃષ્ટિ તણખલાંની પેઠે જોઇ રહી છે. કાર્યથી કહી આપેલ છે સર્વ ગુણોને જેણે એવો જે તું, તેની ધૈર્યરૂપી રસના મહાસાગરમાં નવી કમલિની સરખી આ દૃષ્ટિ પરાક્રમને સૂચવી રહી છે, માટે હે શૂરવીરશિરોમણિ ! દાખલ થવાથી ખૂંચતા એવા શત્રુરૂપી શલ્યને મારા હૃદયમાંથી ઊગતું જ તું જડમૂળથી ખેંચી કાઢ.

અન્યાયરૂપી મદ્યના ઘડા સરખો, ભયંકર વિનાશવાળો તથા મારા ન્યાયરૂપી વૃક્ષને ઉખેડી નાખવાને હાથી સરખો કુંભ નામનો ધાડપાડુ ઉન્મતપણે કૂદ્યા કરે છે. તે દુષ્ટ કુંભો સ્ત્રીઓ તથા ગાયોને હરી જાય છે, મુનિઓને પણ મારી નાખે છે અને જ્યારે તેનો સૈન્યથી પ્રતિકાર કરવામાં આવે છે ત્યારે તે યમ-રાજાને પણ દુર્ગમ એવા કિલ્લામાં ભરાઇ બેસે છે. માટે મને સુખી કરવા સારુ અતિવિકટ સ્ફૂર્તિવાળો તથા મનોહર પરાક્રમવાળો એવો તું તે કિલ્લામાં ગુપ્ત રીતે પ્રવેશ કરીને તેને સૂતો મારી નાખ.'

[redacted]મ કહેવાથી તે ['ંદ્ર]કુમાર તીર્થંકરના ધર્મરૂપી મહ[redacted]વાણી બોલવા લાગ્યો કે– ‘હે [redacted]ને હણવાનાં મારે પચ્ચ-ક્ખાણ[redacted] ભયભીત થઇ નાસતા, ઉત્સાહ રહિત થયેલા અને શસ્ત્ર વિનાના જીવોને પણ હણવાની મારે પ્રતિજ્ઞા છે.’

એવી રીતનો તેનો શૌર્યપણાનો તથા ધર્મનો નિશ્ચય જાણીને તે રાજા પોતાનાં હૃદયમાં અભિમાન તથા હર્ષ પામ્યો. અનુક્રમે મનમાં સુખી થયેલા રાજાએ તેને અંગરક્ષકોનો સ્વામી, મંત્રી-ઓનો પણ અગ્રેસર અને સર્વનો ઉપરી બનાવ્યો.

એવામાં એક દિવસે પાપકાર્યોમાં પારગામી તથા અતુલ્ય સૈન્યના સમૂહને હરાવનારો તે ઉદ્ધત કુંભા નામનો ધાડપાડુ તે રાજાના દેશમાં દાખલ થયો. શૂરવીર સુભટોના સમૂહને સાથે લઇને તે કુંભાને મારવા માટે ચંદ્રકુમાર દોડ્યો, તથા મુખ્ય માર્ગને તજીને અવળે માર્ગે દોડતા સૈન્યોથી તેણે તેના કિલ્લાના માર્ગને રોકી દીધો. ચંદ્રકુમારના સાવધાન તથા ભયંકર લશ્કરના ભયથી નાસતા એવા તે કુંભા ધાડપાડુને આગળના ભાગમાં તૈયાર ઊભેલા આનંદિત સુભટોના સમૂહે ઘેરી લીધો. તેથી આગળ પડખેથી અને પાછળથી એકઠાં થયેલાં લશ્કરવડે તે સર્વ દિશાએથી દોડી આવતા દાવાનળમાં ઘેરાઇ ગયેલા હાથીની પેઠે વ્યાકુળ થઇ ગયો.

ઝંઝાવાતથી ઘેરાયેલા કાગડાની પેઠે સૈન્યોથી ઘેરાયેલો તે કુંભો ચોર, કોઇ પણ રીતે જીવવાના ઉપાયનો લેશ પણ બીજો નહી જણાવાથી, હવે મારામાં શૂરવીરતારૂપી અગ્નિનો લેશ પણ નથી, એમ જાણે જણાવતો હોય તેમ નિઃશ્વાસ સહિત મુખમાં

ઘાસ રાખીને ચંદ્રકુમાર પાસેલોટવા લાગ્યો... જાએ રં ... ત
હૃદયવાળો, વિસ્તીર્ણ દયાવાળો ... પોતાના ... થી ... તે
ચંદ્રકુમાર, હર્ષિત રોમશ્રેણ શ્રી જિનકીર્તિસૂરિએ ... ને ... લિં-
ગન દેવા લાગ્યો. કુંભાને વશ કસ્મ કથાનક ર૨ પણ ... યેલા
... કુમાર
રાજા જાજવલ્યમાન સૂર્ય સરખા તેજવાળા ચંદ્રકુમારને પુત્રથી
તથા પોતાથી પણ અધિક માનવા લાગ્યા.

હવે ક્રૂર હૃદયવાળો ચંદ્રનો મ્હોટો ભાઇ સૂરકુમાર, યુવ-રાજની પદવીથી પણ અસંતુષ્ટ થઇને રાજ્ય મેળવવા માટે પોતાના પિતાને મારી નાખવાની બુદ્ધિ ધરવા લાગ્યો. સજેલાં શસ્ત્રોના સમૂહવાળો તે સૂરકુમાર પહેરેગીરોને અત્યંત ઠગીને, યમરાજાએ હુકમ કરેલા સર્પની પેઠે મધ્યરાત્રિએ છીંડીને માર્ગે રાજમહેલમાં દાખલ થયો અને ઊલટે મુખે સૂતેલા રાજાને તેણે તીક્ષ્ણ શસ્ત્રથી ઘાયલ કર્યા. 'અતિલોભ તે પાપનું મૂળ છે.' પછી ત્યાંથી નાસતા એવા તે સૂરકુમારને સામે સૂતેલી રાણીએ જોયો અને તેથી 'આ ખૂની નાશી જાય છે, આ ખૂની નાશી જાય છે' એમ તેણીએ પોકાર કર્યો. પછી પહેરેગીરો જ્યારે તેને પકડવાને દોડવા લાગ્યા ત્યારે રાજાએ કહ્યું કે–'આ ખૂની કોણ છે? તેને ઓળખવો છે, માટે હાલ તેને મારશો નહીં.' પછી તે પુત્રને ખૂની જાણીને રાજાએ ઉદ્ધત થયેલા ઉંટને જેમ ટોળામાંથી કાઢી મૂકે, તેમ તેને પોતાના દેશમાંથી કાઢી મૂકયો.

પછી તે રાજાએ ઉંટને પકડી પાડે એવા વેગવંત ઘોડાઓ પર સ્વાર થયેલા મંત્રીઓ મારફત પોતાના ચંદ્ર નામના પુત્રને બોલાવ્યો. એટલે જયસેન રાજાની રજા લઈને આવેલો ચન્દ્ર-કુમાર તેવી હાલતવાળા પિતાને જોઇને હર્ષ તથા દુઃખના સ્થાનરૂપ થયો. પછી તે ચન્દ્રકુમારને રાજ્ય પર બેસાડીને

સૂ[redacted]જા ઘાની વેદનાથી મૃત્યુ પા[redacted]

[redacted]સૂરકુમાર પણ કર્મોવડે જીવતો થકો દે[redacted] ભટકતો તે દીપડાથી ભયંકર થયેલા વનમાં આવી ચડ્યો. પાપથી નષ્ટ થયેલા બળવાળો તે જેવામાં ત્યાંથી નાસવા જાય છે તેવામાં પૂર્વના વૈરથી તે ક્રોધાતુર થયેલા દીપડાએ ત્યાં જ તેને મારી નાખ્યો.

પછી તે સૂરકુમારનો જીવ તે જ વનમાં ભિલ્લપણું પામ્યો. ત્યાં શિકારથી વૃદ્ધિ પામેલા પાપવાળા તેને તે જ દીપડાએ મારી નાખ્યો. ક્રોધના આવેશથી અંધ થયેલા તેના ભાઈઓએ તે દીપડાને પણ મારી નાખ્યો. પછી તેઓ બન્ને તે જ પર્વતના વનમાં વરાહો થયા. ત્યાં પણ ત્રણ વર્ષની ઉમરવાળા, પ્રગટપણે દ્વેષ રાખનારા અને પરસ્પર લડવાના વ્યસનમાં આસક્ત થયેલા એવા તે બંનેને શિકારીઓની ટોળીએ મારી નાખ્યા. પછી કોઈ બીજા વનમાં તેઓ બન્ને હરિણો થયા, ત્યાં તેવી જ રીતે દ્વેષથી લડી મરતા એવા તે બન્નેને કોઇ ભિલ્લે મારી નાખ્યા. પછી કોઇ હાથીના ટોળામાં તેઓ હાથીના બચ્ચાં થયાં, અને ત્યાં પણ પરસ્પર લડતા થકા ટોળાંથી વિખૂટા પડી જવાથી તે બન્નેને ભિલ્લોની ટોળીએ પકડી લીધા.

અનુક્રમે તે બન્નેને ચંદ્રરાજા પાસે લાવવામાં આવ્યા. ત્યાં વારંવાર લડી મરતા એવા તે બન્નેને મહાવતો બહુ મુશ્કેલીથી મૂકાવતા હતા. એવામાં એક દિવસે ત્યાં કેવલજ્ઞાનરૂપી પ્રકાશથી તેજસ્વી થયેલા, જૈનશાસનમાં સૂર્ય સરખા **સુદર્શન** નામના મુનિરાજ પધાર્યા. તે વખતે તે રાજા ભક્તિથી ગંભીર મનોવૃત્તિને

ધૈર રાખતો થકો તે રા પાસે લોટવા લાગ્યો. જાએ ર [illegible] થી [illegible] ની ઈચ્છાથી વનમાં ગયા. વા [illegible] ને

પછી તાત્ત્વિક અર્થ [illegible] શ્રી જિનકીર્તિસૂરિએ [illegible] પણ [illegible] ીને આ કથાનક ર [illegible] તે ચંદ્રરાજા તેમની ધર્મદેશનારૂપી [illegible] કુમાર [illegible] ાવાને બેઠો. ધર્મદેશનાને અંતે રાજાએ પૂછવાથી કેવલી ભગવાને તે બન્ને હાથીઓ વચ્ચેનું અતિ ભયંકર વૈરનું કારણ જણાવી દીધું. તેઓના વૃત્તાંતથી ઉત્પન્ન થયેલો છે વૈરાગ્ય જેને એવા તે ચંદ્રરાજાએ એકદમ સંસારથી કંટાળીને, પોતાના પુત્રને રાજા બનાવીને દીક્ષા લીધી.

પછી ચંદ્રરાજર્ષિ તપરૂપી સૂર્યના તેજથી દીપવા લાગ્યા અને મરણ પામીને અતિહર્ષરૂપી અમૃતની વાવ સરખા દેવલોકમાં ઉત્પન્ન થયા. વિશેષ પ્રકારે વૃદ્ધિ પામતા વૈરના મોજાંઓથી ઉદ્ધત થયેલા પેલા બન્ને હાથીઓ તો દુઃખરસાસ્વાદના ભાજન ( કમંડલુ ) સરખી પહેલી નરકમાં ગયા. પછી ત્યાંથી નીકળીને તેઓ બન્ને દુષ્ટ યોનિઓમાં જન્મ લઈને, અનંતા ભવોમાં દુઃખો સહન કરતા થકા ભ્રમણ કરવા લાગ્યા.

ચંદ્રરાજર્ષિનો જીવ તો પ્રશંસનીય સ્વર્ગસુખને ઘણા કાળ સુધી ભોગવીને, નિર્મળ મનુષ્ય ભવ પામી મોક્ષલક્ષ્મીનો માલિક થયો. મોક્ષની પ્રાપ્તિના કારણરૂપ એવું આ દૃષ્ટાંત સાંભળીને પોતાનું હિત ઇચ્છનારા પ્રાણીઓએ અહિંસા વ્રતને સેવનારા થવું કે જેથી પોતાના આત્માનું કલ્યાણ થાય.

**અહિંસા વ્રતના વિરાધન-આરાધન પર**
**સૂર ચંદ્ર રાજપુત્રોની કથા સંપૂર્ણ**